૫૬૨૮

રણછોડજીને ચરણ

તથા ૧૧/૧૫ ૧૦૮

ભક્તિ પોષણ વિગેરે સુધા કાવ્ય.

તે

સારોદ્ધાર કરનાર જાની ગોવીંદલાલ રામશંકર

સોરઠો.

કરી ગોવીંદ ગુણ ગાન, મેળવ મુક્તિ મહાનપદ,
ટળે તિમિર અજ્ઞાન, કરી મનન તજ માન મદ

છપાવી પ્રસિદ્ધ કરનાર

મગનલાલ મજભુખણદાસ.
રીચીરોડ દુકાન નંબર

અમદાવાદ

રાયપુર આકાશેઠના કુવાની પોળ સામે મેહેતા
વ્હાલાભાઈ કુરણાશંકરના મકાનમાં પોતાના ઈન્ડો
વનગાઈડ પ્રેસમાં શા નાથાલાલ કાળીદાસે છાપ્યો.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૩

રણછોડજીની અરજ

દોહરો.

જય જય જગ આધાર હરિ, જન મન પુરણ કોડ;
ગોવિંદ સ્તુતિ શ્રવણે ધરો, રઢિઆળા રણછોડ. ૧

રાગ ગરબી.

શ્રી રણછોડરાય મહારાજ, અરજી આપુંછું;
કરજો પતિતને પાવન, આશા રાખું છું. ટેક.
સ્વસ્ત શ્રી એક વૈકુંઠપુરી, મહાશુભસ્થાનનો ધામરે; પુજ્યારાધે અનેક ઉપમા, હરી તમારૂં નામ. આશા રાખું છું. ૧ શ્રી મહારાજા અધિરાજા, જગતના પ્રતિપાળરે; પાપ સંહારણ દુઃખ નિહારણ, મોટા છો દયાળ. આશા. ૨ કૃપા સિંધુ તમને વંદુ, પુરશો મનના કોડરે; દીન દીન પ્રતાપ અધિક તમારો, વહજો શ્રી રણછોડ. આશા૦ ૩ દેહ ગામથી લી. શેવક, જીવરામ મામલતદારરે, સાષ્ટાંગ

દંડવત નમસ્કાર પ્રભુ, કરજો અંગીકાર આશા. ૪ લખવા કારણુ એ છે સાહેબ, તમે છો ગરીબ નીવાજરે; ચરણ રજપર કૃપા કરીને, આપ્યું દેહ ગામનું રાજ. આશા. ૫ આરજ લીધાનું યોગ્ય કારણુ, હું તો થોડું ઘણું ભણ્યોરે; પૂરવ જનમના દુર્ગુણ આળસ, મસ્તાઇમાં જઈ ભળ્યો. આશા. ૬ રાજ ખુમારી મુજને આવી, મદ મસ્તાઈમાં શટયોરે, હરી તમને વિસારીને મેં, ઝાલી અવ-ળી વાટયો. આશા. ૭ એવું દેખીને મારા હાથ નીચેનાદ સરકારી આપાઇ મેહેતારે; હુકમ મારો કો ઇ ના માને, એમને ગમે તેમ કરતા. આશા. ૮ નામ માત્ર માહારૂં રહ્યું મામલતદાર, કોઇ નવ મુજથી બીહીનેરે, હાથ નીચેના સરકારી ચાકર, તેમની કહું વિગત. આશા. ૯ પ્રથમતો પટેલ કા માજી, મન ગમે તેમ કરતારે; ક્રોધજી ફોજદારની સાથે, રહે છે એતો મળતા. આશા. ૧૦ ઇરશાજી મજમુદાર ખોટા, કોઈનું સારૂં ન કરતારે; જુલ મજીતો સિપાઇ નબળા, ભલા માણસને નડતા. આશા. ૧૧ મમતજી ફડનવીશ મહારા જકડી,

કોઇથી પાછા નવ ફરતારે; મોહ મુલજી મેહેતા મુસદી, એમની જોડે રેહેતા આશા, ૧૨ માનાજી દેશાઈ મહા અક્કડ, કોઇને નથી એ નમતારે; અહંકારજીતો નાયક મોટા, સૌને માથે ચડતા. આશા. ૧૩ કેફાજી મહા રોઢિયા ડાચા, સૌને તે ગાંડા કરતારે; ભંગાજી ભાઇબંધ છે તેમના, ગાં જે સંગથી ભળતા. આશા. ૧૪ અફીણજી ઠાકોર રાવણીયા, એમનો તે ડંકો વાગેરે, ખાધું હોય તો રંગ રમાડે, નીકર ઢીંચણમાંથી ભાગે. આશા ૧૫ હવે ગામમાં વસનારા લોકો, વહેમશા મોદી ભારિરે; તેમની સાથે સામીલ રહે છે, લોભાજી કોઠારી. આશા. ૧૬ વળી જુઠાસા ઝવેરી ગહા જબરા, એમની તો વાતો ન્યારીરે; કુસંગ દલાલ તો ફરે ગામમાં, કપટીશા વ્હેપારી. આશા. ૧૭ કુચાલ ગાંધીએ હાટ માંડચાં, એનો મશાલો ઘણો જોરરે; પુરવે જનમને કરમે કરીને, મને સરવે મળ્યા બંડખોર. આશા. ૧૮ અજાણે મે પ્રીત કરીને, મને મળ્યા નીચ દોસ્તદારરે; જાણ્યું ત્યારે આપ પાસેથી, આવ્યો જરાસંગ ચોપદાર. આશા

૧૯ મુખ જુબાની આવી મુજને કહી, ત્યારે ગદ ગદ થયો મારો કંઠરે; ધણી પાસેથી તલબાનો, લાવ્યો કેદ તણું વારંટ. આશા. ૨૦ એવું સુણી ને કસ્બે મસ્તાપુરી, વળી થર થર ધ્રુજેરે; કર્ણ પુરીના ડંકા ભાગ્યા. નેત્રપુરીમાં નવ સુઝે. આશા. ૨૧ વળી દંતગઢના કોટ કાંગરા, પડવા લાગ્યા આંચરે; નાસિકાપુરીને કબજે કીધી, માંહી પવન આવે નવ જાય. આશા. ૨૨ હસ્તગઢતો જીરણ થઇ ગયા, મુવાડાની દુરદશારે; ચરણ ગઢતો નિવૃતિ પામ્યા, એમની નવ રહી આશ. આશા. ૨૩ પેટલાદ મધે માલ વિગેરે, કશોએ નથી ખપતોરે; રાજા સાહેબનો તલબાનો લેવાનો, કયાંથી ભરૂં હું હપતો. આશા. ૨૪ અજ્ઞાનને અધર્મ ખજાનો, ખાઇ ગયો હું માલરે; કરૂણા કરીને માફ કરો, મને જાણિને કંગાલ. આશા. ૨૫ જીવરામ મામલતદારની અરજી, કબુલ કરજો આપરે; શરણે આવ્યાને માફ કરો છો, બાનાને પરતાપ. આશા. ૨૬ જીવ એતો મામલતદારને, વિશ્વપતિ ભગવાનરે; દાસ ગોવિંદલાલ ગુરૂ પ્રતાપે, માગુ દી

નતા દયાનું દાન. આશા. ૨૭ સંવત ઓગણીસેં પાંત્રીસને, માગશરવદ એકાદશીએ ગાયરે; ગાય શિખે ને સાંભળે, તે નિશ્ચે વૈકુંઠ જાય. આશા. ૨૮

અરજી સંપુર્ણ.

બોડાણાની લાવણી

પ્રભુ દ્વારકાંથી આવ્યા, બોડાણો તેડી લાવ્યા; એ ભકતોને મન ભાવ્યા, થાય સફળ બુદ્ધિ. બોડાણા એ તુળશી વાવી, ઉભો દ્વારકાં આવી, એણે પ્રભુને ચડાવી, શીત્તેર વર્ષ સુધી; ત્યારે પ્રભુ પ્રસન્ન થયા, દરશન દેઇ ઉભા રહ્યા; એવી ઘણી કીધી દયા, પુછે નંદલાલો. બોડાણે જોડયા હાથ, હરી સમજે અંતર સાથ; અહો વૈકુંઠનાથ, મારે ઘેર ચાલો. ૨ ત્યારે પ્રભુ થયા તૈયાર, મંદિરમાથી નીકળ્યા બાર; જવાનો કર્યો વિચાર, બહુ ચિંતામાં પેઠા; ત્યારે ભકત ચાલ્યો દોડી, બે બળદ લાવ્યો છોડી; ભાગેલી ગાડી જોડી, તેમાં હરી બેઠા. ૩ એતો દ્વારકાંનો રાણો, અતિ ગુણવંત શાણો; હાકવા બેઠો બોડાણો, ત્યાંથી ચાલ્યા ગયા; એટલે કાબે જાણી વાત, સૌ ઊઠયા રાતો રાત; ક

રવા બોડાણાની ઘાત, સૌ રીસે થયા. આગળ જા
ય મધુસુદન, આવ્યું ખાખરિયું વન; ઉતર્યા ખા-
વા પાવન, ત્યાં કૌતક દીઠું. ઉભા રહ્યા દિન દયા
ળ, પથ્થર ઉપર શ્રી ગોપાળ, ઝાલ્યું લીંબડાનું
ડાળ, તે થયું મીઠું. ૫ પછી બેઘડી થઈ વાર,
ત્યારે ચાલ્યા જુગદાધાર; પેઠા ગોમતીમાં મોરાર,
કાબા કેડે થયા; એત્રે દીઠું ગોમતી જળ, મહી
શોભે છે કમળ, એ સરોવર નિર્મળ, તેમાં સંતાઇ
ગયા. ૬ એવે દ્વારકાં શું થાય, લોક જાગી ઉઠયું
ત્યાંય; બુમ પડી ગામમાંય, સૌ દેરામાં જુવે; ક
ર્યો ગુગળીએ તપાસ, સૌ થયા નિશ્વાસ; કયાં ગ
યા અવીનાશ, એમ કહી રૂવે. ૭ થયો ગામમાં બ
કોર, દેરા ઉપર રોયા મોર; એવો કીયો મળ્યો ચો
ર, કે ગયા ભગવાન. શુન્ય થયા ડુંગર પહાડ, જી
વ માત્રે કીધી રાડ; હાલે નહી નગ્ર ઝાડ, જાણે લા
ગ્રો સમશાન. કાબા ગયા ડાકોર ગામ, ખોળવા લા
ગ્યા ઠામો ઠામ; કયાં છુપાયા સુંદીર સ્યામ, મારા
મોરારી; ભાવે હવે કરીશું કેમ, નહી રહીએ
કુશળખેમ, પડયો ગોમતીમાં વ્હેમ, તેમાં બરછી
મારી. જ્યાં બેઠા છે મોરાર, બરછી વાગી લગાર;
નિકળી રૂધિરની ધાર, પાણી લાલ થયું. ગામ લો

કે જાણી વાત, સૌ ઘસવા લાગ્યા હાથ; ચાલ્યા લોકોનો સાથ, સૌ જોવા ગયું. લોકે કાબાને વાર્યા, તમે બોડાણાને માર્યા; કાઢી હરીને લોહી ધારા, હવે જાવા દોને. પ્રભુ નિકળ્યા જાળીથી બહાર, એટલે તોળી જુઓ ભાર, જેટલા થાય શ્રી મોરાર, એટલું સોનું લોને. ૧૧ પછી પ્રભુ નિકળ્યા બહાર, બેઠા ત્રાજવામાં સાર; મેલ્યો એક ફુલભાર. હુંશ ઉડી ગઈ. બધો ટંટો નાખવો ટાળી. એવું વિચારે વનમાળી; સામી મેલી સોનાણુ વાળી સવા વાલની થઇ. ૧૨ પછી લોકે હરીને ઝાલ્યા, નમીને દેરામાં વાલ્યા, કાબા આશા મેલી ચાલ્યા પ્રભુ ત્યાંતો રહ્યા. એવો નંદનો કીશોર, કામ કીધું છે અઘોર; ન ચાલ્યું કાબાનું જોર, એ દ્વારકાં ગયા. ૧૩ છે સારો ગુજરાત દેશ, કર્યો પ્રભુએ પ્રવેશ; ટાળ્યાં પાપ લવલેશ, બહુ થયા પ્રસન્ન. ગામે ગામનું લોક જાય, ત્યાં મેળાવો બહુ થાય, ઘણી ભીડ ભરાય, સૌ કરે દરશન. ૧૪ જે પુનમે ત્યાં જાશે, અને ગોમતીમાં નહાશે; તેને દ્વારકાંનું ફળ થાશે, હું સુખ માગું. કહે છે વલ્લભ સુરજરામ, અમદાવાદમાં મુકામ; જીલ્લે રાયપુરમાં ઠામ હું પાય લાગું.

ભક્તી પોષણ

ચાલ ચંદ્રાવળાની.

શ્રી ગુરૂ વલ્લભ દેવને, હું પ્રથમ કરૂં પ્રણામ; શ્રી વિઠ્ઠલ શ્રી કૃષ્ણયમુને, મહા પુરણ કામ; પુરણ કામ દામોદરદાસ, અષ્ટ સખા પુરો ઉર વાસ શુભ મચી દો અતિ પરમ પવીત્ર, ભકિતપોષણ ગાઉં ચરિત્ર. શેવો શ્રી કૃષ્ણ કૃપાળ. ૧ ચાર વેદ ખટ શાસ્ત્રનો વારે વારે કર્યો વીચાર, ઉપનીષદના અર્થનો સોધંતાં નિકળ્યો સાર, નિકળ્યો એ સાર શ્રી કૃષ્ણની ભક્તિ, સતસંગમાં કરવી આશકિત; પુર્ણ પુરષોતમને યુગ ચરણે, સર્વે સમર્પીને રેહેવું શરણે. શેવો. ૨ નહિ કોઇ જેની સમોવડી, કોઇ ઇશ નાહી જેને શીશ; સર્વે વસ્તુ જે થકી થઇ, જે કોઈ કહાવે સરવના અધિશ; સર્વાધિશ વંદે સૌ જેને, નિગમ નેતિ નેતિ કહે છે તેને; શેષ મહેશ વિધિ શ્રી અગમ્ય, તેને કહિએ પુર્ણ પુરષોતમ. શેવો. ૩ પુરષોતમને પરહરી, જેનું અન્ય અમર મન મોહે; કામદુર્ઘા મળી મુકીને, મહિષી પુત્રનું પય દોહે; દોહે ગાય મુકી મુઢ પાડા, તરસ્યો ગં

ગાં તીર ખોદે છે ખાડો; તેમ પુરણ તજી અવર આ
રાધે, મેહેનત મિથ્યા કશું નવ લાધે. શેવો. ૪
રાખી ભરૂંસો અન્યનો, આશ્રય ન કરે અવીનાશ;
ઇચ્છે અખીલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન
આશ. આશ કરે તરવા દધિ પૂર, સ્વાનનું હાથ
ગ્રહી લંગુર; તે જેવો પામશે સાગર પાર, તરશે
તેમ હરિ વિમુખ સંસાર. સેવો. ૫ કોટી ઉપાસ
ના મલીનની, જન તામ્ર મુદ્રા સમ જાણો, રૂપૈયો
સુર સેવના, વ્યુહ કંચન મોર પ્રમાણો; કંચન મો
હોર વ્યુહ હરી હીરો, એમ અંશ અંશે સમજી
રો, સર્વે એ દ્રવ્ય હીરા થકી થાય, હીરો ન કર્યો
કોનો કેહેવાય. શેવો. ૬ જકત વૃક્ષનું મુળ હરિ,
મુળ પોખે વ્રક્ષ પોખાય; પ્રતી શાખા જળ સીંચી
એ, તેથી તૃપ્તિ કદી નવ થાય; તૃપ્તિ ન થાય વૃ
થા શ્રમ પોચે, સમજણ આવ્યા પછીથી સોંચે
મુખ દ્વારા સૌ ઈંદ્રી સંતોષે, ભોજન અંગે લેવું કો
ન પોષે. શેવો. ૭ જુવો સ્વભાવ શ્રી કૃષ્ણનો, જ
નના અવગુણ ગુણ જાણે, અવળું પડે અન્ય દેવ
ને, સામુ દે દુઃખ શત્રુ પ્રમાણે; પ્રમાણે નહી ફળ
દેતો એ જાય, હરિનું આપ્યું કદી નાશ ન થાય;

અમર અલ્પવર અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દે છે રત્ન. સેવો. ૮ વેળુ પીલતાં જો તેલ નીકળે, જળ મધ્યે નવનીત હોય; મૃગજળથી તૃષ્ણા ટળે તો એ ભકિતવિના ભદ્ર ન હોય; ન હોય ભદ્ર મહાન કદાપી, અભય ના હરિવીના કો શકે આપી, હું નથી કેહેતો પોકારે છે વેદ, સમરો શ્રી કૃષ્ણ ટળે સહુ ખેદ. સેવે.. ૯ મંત્ર આધીન સહુ દેવતા ચોગે વેરાટ પણ વશ થાય; જ્ઞાની અક્ષરને જઇ મળે, પુરષોતમ પ્રેમે પમાય; પ્રેમ ભકતી વશ પુરણાનંદ, એ ન પડે અન્ય સાધન ફંદ; શ્રી મુખે ભાખ્યું શ્રી ગિતા માંહે, ના માનો તો જો જો ત્યાં છે. શેવો. ૧૦ શ્રવણ કિરતન શ્રી કૃષ્ણનું, સ્મરણ શેવન શ્રી અરચન; વંદન દાસત્વ સખ્યતા, વળી આત્મ નિવેદન; આત્મનિવેદન નવધા કહીએ, પ્રેમલક્ષણા દસમી લહીએ; એ ભકિત સહુ સાધન તાજ, જે થકી વશ થાએ વ્રજરાજ. સેવો ૧૧ શ્રવણ પરિક્ષિત શુક કરી કિર્ત્તન, સ્મરણ ભકિત પ્રહ્લાદ; શ્રીસેવન પુજન પ્રથુ, વંદન અકરૂર અલ્હાદ; આલ્હાદ માન્યો કપીશ કીંકરતા, સખ્યતા ભકતી સુભદ્ર ભર્તા; આત્મનિવેદન બળિએ કીધી, ગોપી

જને પ્રેમલક્ષણા લીધી. સેવો. ૧૨ નામ કેશવનું
કરણમાં પડતાં, સહુ થાએ પવિત્ર; સરદ રૂતુના સં
ગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર. વીચિત્ર જળ તે
માં જાતી જાણે, સર્વ સાચી સર્વ નામે પ્રમાણે, શુ
દ્ધ કનક જેવું અગ્ની એ થાય, માંજે ઓપે તેનો મે
લ ન જાય. શેવો. ૧૩ નામ કિર્તન શ્રી ક્રશ્નનું કળી
માં સાધન તાજ, ભવસાગર તરવાતણી, સહુને એ
સુખ પય પાજ. પાજ પ્રગટ શ્રમ નહિ ઘણું સેહે
લું, દામ વીના ફળ થાય સહુ પહેલું, સર્વ અ
વસ્થામાં સહુ ઠાર, અધમ ઉત્તમ સઉને અધિકાર.
શેવો. ૧૪ સતયુગે જે ફળ ધ્યાનથી થાતુ, ત્રેતામાં
યજ્ઞથી જેહ. દ્વાપરે પુજને પામતા, સહુ કળિ હરિ
કિર્તન તેહ; તેથી અધિક પણ ફળ ગુણ ગાતા, તો
શું થયું તપ અરથ નહાતાં; મણી મળ્યો તે સોધે
શીદ કોડી, વણ વીશ્વાસે મરે મુઢ દોડી. શેવો.
૧૫ કળીરૂપ આ સોચમા, કંઈ કર્મનો નહિ અધિ
કાર; અડે ન સુતક નામને, નિર્ભય નિત્ય કરિયે ઉ
ચ્ચાર, ઊચ્ચાર માત્ર અભયપદ આપે, સકળ પા
પ સંતાપને કાપે; જો વેદ શાસ્ત્ર પુરાણ પોકારે,
હરી હરી તો શે તું ન ઉચ્ચારે. શેવો, ૧૬ નામે

અજામેળ ઓધર્યો, નામે તાર્યો શીવે બહુ પાપી; અવળે નામે વાલમીક તર્યો, અર્ધે ગણિકાને ગતી આપી, આપી ગતિ ઇત્યાદિક બહુને, જેણે જેવો આશ્રય કર્યો તે સૌને બે અક્ષરમાં બાંધ્યા સાર, જેણે લહ્યા તે પામ્યા પાર. શેવો. ૧૭ સ્નેહ સહીત શ્રી કૃશ્નનું, કથા કીરતન જ્યાં નિત્ય થાય, ત્યાં કોટિ તિર્થ આવી વસે, જેનું ભાગ્ય હોય તે નહાય; ન હાય તેમાં તે પવિત્ર પ્રમાણે, તે વીના સહુને સુતકી જાણે; જીવ ના ર.બ સરખા સહુ તેહ, ભુતળ ભાર કર્યો ધરી દેહ. શેવો ૧૮ નટવર છબી નંદલાલની, એવું ચીંતવન કરે ચિત્ત માંયે, મોર મુગટ શીર તિલક કુંડળ, નાક વેસર ચીબુક સોહાય; સોહે કૌસ્તુભ મુકતા વનમાળ, કંકણ કર ગ્રહી વેણુ રસાળ, પિતાંબર કટિ મેખળા સોહે, નેપુર નખશીખ છબી મન મોહે. શેવો, ૧૯ સોળ ચિન્હ પદ પંકજે, દક્ષિણે નવ વામે સાત; સ્વરતી કોણ જંબુફળ, જળપવી, ધ્વજ ઊર્ધરેખ વિખ્યાત; ખ્યાત અંકેશ અંબુજ મચ્છ૦યોમ, કળશ ઇંદ્રધનુંને અર્ધ સોમ, ત્રિકોણ ગોપદ ખટ દસ ધ્યાન, નિત્ય કરે નિરભે પદ દાન. શેવો. ૨૦ જેમ ન

ટની દ્રષ્ટી દોરમાં, પાણીઆરીની બેડલા માંહે; ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંનું ત્યાંહે; ત્યાં તેમ મન પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષિવત રહેવું, જગત જાણે એ છે જંજાળી, રાખ હ્રદે ત્રિકમશું તાળી. શેવો. ૨૧ કંસ શિશુપાળ કુબજાદિકે, વૈર કામે સમર્યા શામ; એ વીના નાનાભાવથી સમરે સર્યાં સર્વનાં કામ, કામ સર્યા તુચ્છ ભાવે જ્યારે, શું કહેવું એ સમરે પછી ત્યારે, ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું, સંકટ તેનું સઘળું ભાગ્યું; શેવો. ૨૨ એકવાર આખા જન્મમાં, જો શ્રી કૃષ્ણ સમરાય; તો દર્શન યમદુતનું, કદા સ્વપ્ને પણ નવ થાય. થાય જો ભાવ સહિત નિત્ય ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન, હરિ ઉર નહિ તો તપે શું થાય. જો છે તો કરે કષ્ટ બલાય શેવો. ૨૩ અન્ય સાધને સરે આપણું પણ શ્રી હરિને શું સુખ. સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદ તે સુખ; સુખે સેવને સુખી પ્રભુ કરવા, લોક વેદના ભય નવ ધરવા; પુજા તે ચ.લે સૃતી પ્રમાણ, સેવા તે જેમાં સ્નેહ બંધાણ. શેવો ૨૪

આપ્યું ઉર સ્થળ મુકીને, રમા ચરણ શેવા નચુ
કે, ફેદે રહિત કદા હરી કરે, પણ પદ આશ્રીત ન
હિ મુકે, મુકે ન આથી છે ભક્તિનો વાસ, માટે અ
વિલંબે સઉ ઉજાશ; અ ભકિત છે અતિશે દુરલભ,
પ્રાપ્ત થએ સર્વે સુલભ. શેવો. ૨૫ હરિ વ્યાપક લ
હિયે સર્વમાં, ન આણવો કોનો દોષ; મન કર્મ વ
ચને જેમ બને, તેમ કરવો સઉને સંતોષ. સંતો
ષે પ્રાણી પ્રભુ પ્રસન્ન, તેથી અધિક પોખે હરિજ-
ન, સઘળે દયા એ પુજા પ્રભુ કેરી, દેહીને દોખે
તે કૃષ્ણનો વેરી. શેવો. ૨૬ એકોપણ પ્રણામ શ્રી
કૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો; અશ્વમેધ દશ અ
વભૃથના ફળ, ઉપર પગ તેણે દીધો, દીધો પગ
શા માટે કહેવાય, યજ્ઞ કરે તોએ જન્મતો થાય;
કૃષ્ણ પ્રણામીને નહી ફરિ દેહ, મુકિત અધિકતા
એમાં એહ, શેવો. ૨૭ નમન કર્યું નંદલાલનું, સ્ને
હ મન કર્મ વચને જેણે; ધર્મ સાધન પુણે સહુ ક
ર્યાં, તે નિશ્ચે જાણજો તેણે; તેણે કર્યું હરિપદ અનુ
કુળ, દુઃખ પાપનું ટાળ્યું મુળ; દીન ભાવે કરવું
વંદન હરિને, તે જનની ગર્ભે ન આવે ફરીને. શે

વો. ૨૮ દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરષોતમ જેને સાથે; ધણી છતાં વીધ્વાપણું બ્રહ્મજ્ઞાનીએ માન્યુ મન સાથે, મન સાથે માન્યું હુંજ ભુપ, જગત પુજે જાણી રાણિનું રૂપ; પણ પતિ સુખ સ્વપ્ને નથી તેને, એળે અથડાઈ મરે તું શેને. શેવો ૨૯ દાસ પાગે જે આનંદ છે, તેનાથી મળે જગદીશ. જ્ઞાનીનુ સુખ એવું જાણજો, પાધ આસે છે હાવે શીશ શીશ છેધા પછી મુગટ કયાં ધરે, સે મુરખ કાંઇ મન વિચારે; જળને શો જળપાનનો સ્વાદ, જન જુદો રહી રહે અલ્હાદ. શેવો. ૩૦ જીવ બ્રહ્મ થાએ નહી, થાય તો બ્રહ્માનંદ કહાંને, ભોગતાપણુ જો માનશો તો, જીવ ટળ્યો કહો શાને; શાને કહો ન્યારો નથી બ્રહ્મનામી, કેમ બોલ્યો જનક સયુજતા પામી; બોલે તે બીજો કહેવાય, ઇશ્વર જીવ કદિ ના થાય. શેવો. ૩૧ અહો ભાગ્ય ભાગ્ય ધન, વૃજ જન પરમ પવિત્ર; પૂરણ બ્રહ્મ સનાતન, પરમાનંદ જેના મીત્ર; મિત્ર થઈ સહુને સુખ દીધું, સર્વ ભાવે કારજ બહુ કીધું; ષેષ મહેષ વિધિ શ્રી અલભ્ય, તે ફળ શ્રી ગોપીજન લભ્ય. શેવો ૩૨ દેહ માણ ઇંદ્રી અંતઃકરણ, ધર્મદારા ગૃ

ન ધન; પુત્ર પ્રાસ આત્મા સહીતા, સર્વ સમરપી જુગજીવન; જુગજીવન સર્વાત્મા ભાવે, શેવા કરે સદા સહેજ સ્વભાવે. તે જગમે પ્રભુ જેમ સુખી થાય, અલ્પ નીવેદન એમ કેહેવાય. શેવે૦ ૩૩ સર્વ વસ્તુ છે શ્રી કૃશ્નની, જેની છે તેને શો ન સમર્પ; આત્મા સહિત અર્પણ કરી, હરિ દાસ થવાને શીદ દર્પ; દરપે છે કાળથી રહે છે ઉચાટે, તે પરનું માન્યું પોતાને માટે, જેથી બંધાએ તે વસ્તુ દે મુકી, તારી મ જાણિશ એ રાઢ ચુકી. શેવે૦ ૩૪ રૂપ ગુણ દ્રવ્ય ત્રણે એ કારણું, પ્રીતી થવાનાં કહાવે, એ ત્રણે વિકાર રહિત સહજ, સ્નેહ શ્રી કૃશ્નને ભાવે; ભાવે પ્રેમે વ્હાલો વશ થાય, તેને મુકી ક્ષણ દુર ન જાય; તે જને સુખ માન્યું મન એહ, જેમ તેમ થાય સુખી પ્રભુ તેહ. શેવે૦ ૩૫ પ્રેમ આશકતી વ્યસન એ, ત્રણરૂપ સ્નેહમાં લહીએ; તે ઉપર ચોથી તનમનયતા તે થકી કાંઇ નવ કહીએ, કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેને તે સ્નેહ; વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાહાં વળગ્યું રહે મન. શેવે૦ ૩૬ એકવાર આખા દિવશમાં, પણ મળ્યા વિના નવ રહેવાય; જો ન મળે તો મન વ્યાકુળ થાય,

આશકિત એતો કહેવાય; કહેવાય વ્યસન આવું
જ્યારે થાય, સામા સામી રૂદે વીંધાય, તન મય
તા તે મૃત્યુ સમાન, એ ચારે આવે આપે હરિદાન.
શેવો ૩૭ પ્રેમલક્ષણા વળી દૃગ રૂચી, વિસ્મૃતી અ
ભિલાખા ચાર; વ્યાધી વીલાપ ને ઉનમાદ, એ ત્રણે
આશકતી પ્રકાર; પ્રકાર વ્યસનતણા બે કહીએ,
જડતા ને વળી મુરછા લહીએ; તન મયતાનું લ
ક્ષણ એક; મૃત્યુ શદશ પણ મરણ ન છેક. શેવો.
૩૮ જાતી જુઓ આહીરની, તેમાં અબળા અધમ
અવતાર, વેદાદિક નોતી ભાણી, નોહોતો ઉત્તમકર્મ
અધિકાર; અધિકારવણ એક પ્રેમપ્રતાપે, કર્યા આ
ધિન શ્રી કૃષ્ણજી આપે; ગોપિની પદરજ વંદે ઈ
શ, પ્રેમલક્ષણા સહુને શીશ. શેવો. ૩૯ સેવાસંગ
ત હરિ ભકતની, કરે પ્રેમ ભકિત ઉત્પન્ન; તે કરે
કૃતારથ એકલી, નવ જોઇએ કાંઈ સાધન; જોઇ-
એ વય વિદ્યા વિતવરણ, રૂપ પ્રાક્રમ પવિત્રાચરણ.
કહેશો જોયા નથી કોીએ ઠામ, તો સુણો પ્રગટ બ
તાવું નામ. શેવો. ૪૦ ધ્રુવજીને કયાં વય હતું,
કયાં હતું સુદામાને ધન; કુબજાને કયાં રૂપ હતું,
ઉગ્રસેનને પુરષાતન; પુરૂષાતન નોહોતું ઉગ્રરાય,

ગજને ક્યાં હતી વિદ્યાય; પારધીમાં ક્યાં શુભ આ ચરણ, કેવળ ભક્તિ પામ્યા ગિરીધરણ. શેવો. ૪૧ દ્વાદશ ગુણ સંયુક્ત છે, દ્વિજ પંડિત સરખો કો-ય; પદમ નાભ પદ વિમુખ છે, તેથી સ્વપચ ભ-રેલો સોય; સ્વપચ ભલો જેને કૃષ્ણ આશક્તિ, મન કર્મ વચને કરે હરિભક્તિ, કુળ સહિત આ પ પામિયા તેહ, વિપ્ર કરી ના શકે સુખી દેહ. શેવો. ૪૨ શ્રી કૃષ્ણ ભક્તિ અંક છે, બીજાં સા ધન સરવે શુન્ય; અંક વિના સહુ અકળ છે, સા હુ સુન્ય સુન્ય દશ ગુન્ય; દશગણું બીંદ આગળ અંક એક, અંક વિના સહુ શુન્ય અનેક; ભક્તિ કરી તેણે સૌ કાંઈ કીધું, ભક્તિ વિના સર્વ કાં ઈ ન સિધ્યું. શેવો. ૪૩ નૃગભૂપે ગૌદાન કર્યાં કે ટલાં, કોઈ ગણતાં ન આવે પાર; એક દિવસ અ ણુ દોષ પડ્યો, કકલાસ થયો અવતાર; અવતા ર અવરગ થઈ જગ હાંસી, ગૌદાન પુન્ય ગયું ક્યાં નાશી; દાન કર્યાં તોએ પામ્યા દુઃખ, શા મારે હતો ભક્તિ વિમુખ. શેવો. ૪૪ પ્રાચિન બ ર હિશ ભુપતે, જુઓ કીધા યગ્ન અપાર; ઉરવી સહુ અકીત કરી, તોએ કાંઈ ન દીઠો સાર; સા-

ર આપ્યો જે જે પશુ પાડ્યાં, તેહ હણવા નારદે દેખાડ્યાં. ભય દેખી લીધું રૂપી શરણ, ભક્તિ કરીને પામ્યો હરી ચરણ. શેવો. ૪૫ ભક્તિ તારે ચંડાળને, જેમાં એક ન શુભ આચરણ; શું પછી કહેવું તેહનું, ઉધારે અધમ અન્ય વર્ણ. વર્ણ સર્વ ઉધારે જક્ત, નીચ ઊંચ જેની આશક્ત; એક અંગ ભક્તિ ભદ્રાય, આશ્ચર્ય શું પૂરણ એ થાય. શેવો. ૪૬ ભક્તિ નૌકા તારે સર્વને, જે કો શરણે આવે સુચી પાપી, અન્ય સાધન સારું તું બીક, ગ્રહે સધ તરે કો કદાપી, તરે. કદ્દિ બચે કામાદી ગ્રહાથી, સામર્થ્ય નહી અણું તારવા સાથી. વિશુદ્ધ વીચારી જુઓ નીજ મન, ભક્તિ ભલી કે સાધન અન્ય. શેવો. ૪૭ ભક્તિ મણી જ્ઞાન દીપ છે, ટાળે ઉભય સકળ અંધકાર; મણી મણી અભય હુતી અચળ છે, દીપકને ભય છે અપાર; અપાર ભય વાયુથી વામે, તેલપાત્ર બાતી વણ લય પામે; જ્ઞાન શમયતો અન્ય કુણ માત્ર, નિર્ભય શક્તી સકળ સુખપાત્ર. શેવો. ૪૮ ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, માટે માયા ના પીડે લેશ; સ્ત્રી થકી સ્ત્રી મ્હોવાય નહી, મોહ પામે પુરૂષ વે-

શા. પુરૂષ જ્ઞાન વૈરાગ્યને યોગ, તેને પીડે અજ્ઞા રૂપિયો રોગ, તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ, ભક્ત ને અચળ હરિશું સ્નેહ. શેવો. ૪૯ નિરખે નેત્ર નં દલાલને, શરૂતિ કથા રટે મુખ નામ; નાશિકા સું ઘે પ્રેમશું, પ્રસાદિ તુળશી પુષ્પ દાન; દામ ગ્રહણ કરે કર હરી શેવા, દોડે ચરણ પ્રભુ દરશન લે- વા; મને ધ્યાન નટવર છબી શ્યામ, સર્વાંગે કરે દંડ પ્રણામ. શેવો. ૫૦ ભકિત વીના કેવળ ક્રતિ કરે, ફળ પરલોક ન થાય; મણિધર પવન ભક્ષિ રહે, જુઓ મચ્છ તિરથ જળ ન્હાય; મીન તિર થ ભીલ મૃગવનવાશી, અંધ ગ્રહે દંડ કાશદ જા ય કાશી; સર્પ દંડવત નટ સીધ વેશ, દરશ તપો ધમ ભાવના લેશ. શેવો. ૫૧ શ્રી કૃષ્ણ શી ગુરૂ ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ; ત્રયાવાર! જેમ સુ- રસરી, તેમાં ભેદ નહી તદરૂપ; ભેદ નહી ત્રણ ના મજ માત્ર, જોતાં વીમાશી દીસે એકજ ગાત્ર. સ્ને હ વિવેકે શેવે સરે અર્થ, અવસર અમુલખ ખુવો શીદ વ્યર્થ. શેવો. ૫૨ સતસંગ સર્વનો સાર છે, તેનો મુઢ ન જાણે મર્મ, અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વર્ણ શર્મ, શ્રમ વીના શ્રી નાથ

મેળાવે, કલ્પનું કામ તે પલકે સરાવે; નીચ ની
ર ગંગા મળતાં ગંગ, એ સમોવડી દિસે સત સં
ગ. શેવા. ૫૩ લવ હરી સંગની સંગના, સુખની
સમતા નહી કોય; સ્વર્ગ તથા અપવર્ગનું, સુખ પ
ણ સમોવડ નવ હોય. નવ હોય સમતાં મોક્ષાનં
દ, તો કહાં જન ઇચ્છિત સુખમંદ; આણુ અનુભ
વીને આશ્ચર્ય થાય, પણ અનુસંધે છે નહિ રાય. શેવા.
૫૪ શ્રી ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગએ
શર્ણુ; દાળિદ્ર તારે સુરતરૂ, મળિ ત્રણે કરે ત્રણ હ
ર્ણ. હર્ણ કરે ત્રણે તે તતકાળ, મળતાંમાં હરિજન
દયાળ; જ્ઞાને તાંપ હરે દરશણે દોષ, દૈન્ય ટાળે ઉ
પજાવી સંતોષ. શેવા. ૫૫ યોગ યજ્ઞ જપ તપવૃ
તે, બહુ કીધે કાષ્ટા કર્મ; જ્ઞાન ધ્યાન અતિદાનથી,
તીરથ આચરતાં ધર્મ; ધર્માધ્યાન વેદ શાસ્ત્ર પુરા-
ણ, કોટી સાધનથી ન પરમ કલ્યાણ; એ નવ થા
ય ઉપાય અનેક, વિના મહદ પદરજ અભિશેક.
શેવા. ૫૬ હરિજન તે હરિરૂપ છે, તેને મુરખ ની
જ સમ જાણે, જેમ શશી સાગરમાં હતો, માન્યો
મીને મીન પ્રમાણે; મીન પ્રમાણે થયો નહી સો
મ, મકર રહ્યો જળ તે વસ્યો વ્યોમ; તેમ વૈશ્નવ

વકુંઠે જાશે અધમ તે હાંના હાં અથડાશે. શેવો. ૫૭ ચાર વરણમાં શ્રેષ્ટ સર્વથી, બ્રાહ્મણ વરણ વિક્ષાત; તે સહુના પણ કહાવે શિરોમણી, મ્હોટા મુનીવર સાત; તે સાતે કરે ધ્રુવની પરિક્રમા, ધ્રુવસુત ક્ષત્રિને તે સુત બ્રહ્મા; વિબુધ વિચાર કરો તમો એહ, ભક્ત મોટા કે બ્રાહ્મણ દેહ. શેવો. ૫૮ બ્રહ્માદિક રજ ભકતની, પદરજ વંદે ગુણ ધામ; દુર્વાસા રૂપી દીન થઇ કર્યો અમરીષને પરણામ; કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરી પદજળ દ્વિજ ન્હાયા; હરિજનથી મોટું નહિ કોય, દુભવે તે દુઃખ પામે સત ખોય. શેવો. ૫૯ સંત સેવે નારદ થયા, જુઓ દાશી સુત હરિમંન; તે સુરરૂપીના રંગથી, સમી વાસના ઉરની અગંન; અગન મટી સમજાવ્યા મર્મ, શ્રી ભાગવત રચ્યું છાંડીને કર્મ; કલેશ મટે કરે પ્રભુજન પ્રીત, દુભવેથી શાનું સુકરીત. શેવો. ૬૦ યોગી તરે કહ્યા એકલો, હરિજન તારે સૌ સંગી; સિદ્ધ ઉદાશી રહે સદા, હોય સંત સુંદર રસ રંગી; રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પીએ સુધા સામાને પાય; ભકત સ્નેહી સહુનું સરે કામ, દયાની સાથે કોઇનો નહિ ઠા

મ. શેવો; ૬૧ સર્વ પ્રાણી ઊપર દયાં, આણવો ન
હિ કોઇનો દોષ; વશ કરવી ઈંદ્રી સહુ, યદ્રીચ્છા
લાભ સંતોષ. સંતોષ ધરી વદવી સત્ય વાણી, ૬૯
આશરે પ્રભુ દીનતા આણી. દુષ્ટ સંગથી રેહેવું દુ
ર, વસવું સદા હરિજન હજુર. શેવો. ૬૨ દુષ્ટ સં
ગ તેને જાણીએ, જે ભુલાવે ભગવંત. સ્નેહ કરાવે
શ્રી કૃશ્નશું, તેને કહીએ સાચા સંત. સંત સાચા
તેની સંગત કરીએ, અસમર્પીત અન્યાશ્રેથી ડરી-
એ; હું હરીનો હરી મારા નાથ; એ નિશ્ચે કરવું
મન સાથ. શેવો ૬૩ અન્યા ્ય અસમરપીત, એ
બે મ્હોટા દુસ્તર રોગ. સરવ વસ્તુ શ્રી નાથને, અર
પી ઉચીષ્ઠ કરવો ભોગ; ભોગ કરવો હરિભક્તનિ
સંગે, એકજ શ્રી કૃશ્ન સેવવા રંગે. ૬૯ આશ્રે ગુ-
રૂદેવનો ધરવો, તો વશ પદવત ભવ દધી તરવો. શે
વો. ૬૪ ગુણની ઉપર ગુણ કરે, એતો રીત જ-
ગતમાં પ્રકાશ; પણ અસગુણ સામો ગુણ કરે, તે
મ્હોટા હરિના દાસ; દાસ દોષ સઊના સંતાડે, હો
ય અલ્પ તે અધિક દેખાડે. સાગર લંછન વીષ શી
વ પીધું, સસીશ્વર પ્રગટ લલાટે લીધું. શેવો, ૬૫
વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ;

હિત ઇચ્છે સઉ જગતનું, નવ ધરે કોઇની આશ. આશ ધરે એક શ્રી ગોપાળ, વીતીત કરે હરી સેવામાં કાળ; એવા ગુરૂનો લઇએ ઉપદેશ, ધરિયે સાચો વૈષ્ણવનો વેષ. શેવો. ૬૬ ધ્યાનમુળ રૂપ શ્રી ગુરૂ પુજન, પુજનનું મુળ ગુરૂ પાય; મંત્ર મુળ ગુરૂ વાક્ય છે, મુળ મોક્ષનું ગુરૂ કૃપાય; ગુરૂ કૃપા વાંછિત ફળ થાય, હરિ રૂઠેતો ગુરૂ કરે સહાય; ગુરૂ કોપે કાંઇ નહી ઠેકાણું, અધિક આશ્ચર્ય એથી કો નવ જાણું. શેવો. ૬૭ ક્રોધી ગુરૂ તો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણ કહીએ; લોભ દાખેતો વામનજી, પણ હરી સાચા એમ લહીએ. લહીએ એ પારખે દાખે જો દુકૃત, તોપણ માનીએ તે થકી સત્ય; જેણે સોંપી આપ્યા જુગદીશ, તેનો રૂણી સદા છે એ શીશ. શેવો. ૬૮ ભોજન વસનની ચીંતા કરી, વૈષ્ણવે ના થાઉં ઉદાશ; વિશ્વંભર પુરે વિશ્વવને, તે કેમ ભુલે નીજ દાસ; દાસ આશ પુરે. સહુ વણ માગે, વણ કહે સાહ્ય કરે અનુરાગે. હરિ ભજતાં કાંઈ નવ રહે ખામી, નથી અજાણ્યા અંતરજામી. શેવો. ૬૯ અજબ ગુલ મેહેરી વસે, પંખીણી મુખ રટે હરિનામ; ખાનપાન માટે નવ

કરૂં, છુટે મુખથી સુંદર શ્યામ. શ્યામ વીચારી ક
રે તેને સુખ, ચરણ ચરવા કર્યાં મોરનાં મુખ. પુ-
છવદન કર્યું ઉંટની ગ્રીવા, શ્રી હરિ યુકિત કરી
જળ પીવા, શેવો. ૭૦ અજગરને અનાયાસ હરિ
ની, આપે અહાર અંન મેળાવી; મેળવે ચાતકને
જળ સ્વાતી, ગિરિ સૃંગે વૃક્ષ પોખે ભલી ભાતી.
સ્ત્રી રતને પય પોખવા બાળ, તે તુને નહી ભુલે
ભજ ગોપાળ. શેવો, ૭૧ ભકત મનોરથ સર્વ પુરે
પ્રભુ, કઠીણુ સરલ ગુરૂ ન્હાના, પુર્યાં તેનું નામ
કહું, તું પુછીશ કયાંના કયાંના; કાન ગયા કુબ
જા પતિ થાવા, પારથ પત્ની થયા જળ પાવા. પુ
રી પુત્ર થઈ અદિતીની આશ, પાંડવ કાર્ય કર્યા
થઈ દાસ. શેવો. ૭૨ છડીદાર થયા ઉગ્રસેનના, દ્વ
રપાળ બળિભુપ. નરસૈંયાના બાપનું શ્રાધ કર્યું, સે
ના માટે નાપિક રૂપ; રૂપ માહા સુદામાજી સારૂ,
નામાનું છાપરૂં છાયું સારૂં; વારી વહ્યું ત્રિલોચ
ન ઘેર, મીરાંબાઇનું પીધું ઝેર. શેવો. ૭૩ પ્રભુ
રૂડું ઇચ્છે ભકતનું, કેમ કુડું કરે નીજ દાસ; જે
કરશે તે હરી ભલું, આવો ધર દઢ તું વિશ્વાસ; વિ
શ્વાસ રાખી કલ્પના મુક, સેવા સ્મરણમાં નવ રૂ

ક. નએ મળે ફરી અવસર આવો, હરી ભજી લે મુનશા દેહ લાહાવો. શેવો ૭૪ દુઃખ થાય હરિ શે વતાં, તે સુધાસમ પરમાણો; વીષય ભોગવતાં સુખ છે, તે વીખ સરખું સહુ જાણો; જાણો જેમ ખસ ઘસતાં મીઠી, ક્ષણું પછી આગ ઉઠે અંગીઠી; ઓસડ પીતાં કડુ તુર્ત લાગે, રોગ ગયા પછી આણંદ જાગે. શેવો. ૭પ શ્રી ગીરિવરધર સેવતાં, ભય જરા ન રાખેવા તંન; બાળક સમ વાત્સલ્ય તા ધરિને, સ્નેહ જાર સમાન. જાર સમાન પ્રિય પ્રભુ લાગે, તો દુઃખ જનમ જનમનાં ભાગે. પ્રેમ પિયુષ પિએ તે જાણો, નથી સ્વાદ કોઇ એહ પ્રમાણો. શેવો. ૭૬ જે પ્રતિકુળ પ્રભુ સેવતાં, તેને ભજીએ ન વળગીએ વ્યર્થ, જનની જનક પતી પુત્ર ભ્રાતા, ગુરૂ છે જદપી સમર્થ; સમર્થ તાત તજ્યો પ્રલ્હાદે, ભરથે માતા મુકી હરિ સ્વાદે; પતી રૂપી પત્ની વીભીષણ ભ્રાત. ગુરૂ ન ગણ્યા બળિયે સાક્ષાત. શેવો. ૭૭ દેવ પિત્રિને મનુષરૂણુ, ત્યાંલગી માણસાને કહેવાય; જ્યારલગી સર્વાત્મા ભાવે, શ્રી કૃષ્ણ શરણે ન જાય; શરણ ગએ સરવે રણ છુટે, ચિત્ર ગુપ્તનું લેખું તુટે; કાળ કરમનો ભય નહી તે

ને શીશ ધણી હરિ સમર્થ જેને. શેવો. ૭૮ કરતુ અકરતુ અન્યથા કરતુ, સમર્થ શ્રી હરિરાય; ના થવાનો કરે પદારથ, થનારો મટી જાય; મટી ગયું જે વશિષ્ટે વિચાર્યું, તે સમે વનજ સમે રાજ ધાર્યું. બ્રહ્માના સુત એ ત્રિકાળના જ્ઞાની, ઈચ્છાએ વચને તેની પણ હાની. શેવો. ૭૯ સહસ્ત્ર ભુજાપતી રાખશે, તેને હણશે શું બે ભુજવાળો; તેજ પુરૂષ જ્યારે મારશે, ત્યારે કોઇ નથી રાખનારો. રખવાળો રીપુ છે નહિ કોઈ, સર્વાત્મા વસ્તુ શ્રી કૃષ્ણથી હોઈ; કરતા હરતા એક શ્રી વ્રજરાય, એના કર્યા વિના કાંઇ ન થાય. શેવો. ૮૦ કર્યું થાય શ્રી કૃષ્ણનું, કોથિ ઘટે નહિ લેશ; તેજ પ્રમાણે દુઃખ સુખ, લાભાલાભનો સંશે રેશ. રેશ રહે નહિ તે સમે સુધ, જેવું હોનાર તેવી થાય બુધ. થનાર તે તો સેહેજે પણ થાય, તું કરતા નથી શીદ પસ્તાય. શેવો. ૮૧ હરી જંત્રી તું જંત્ર છે, તેને વાજે વજાડે જેમ; કાષ્ટ પુતળી નૃત્ય કરે, સુત્રધાર નચાવે તેમ. તેમ વિધિનિષેધ સૌ હરિને હાથે, તું સુરખ તાણિ લે શીદ માથે. વિચાર જો જીવનું કર્યું હોય, તો દુઃખી જગતમાં થાય ન કોય. શેવો. ૮૨

જેની રચના જોઇને, ઘણો મોહ ઉપજે છે મન; તે કરતામાં કમી શી હશે, તું જોની વિચારી જન. થશે પુર્ણ મનોરથ તારો, ધાટે શું મોહો તું જોજ-ડનારો. તેને મળે પુરણાનંદ થાશે, ભવ વૈભવ તૃષ્ણા ટળી જાશે. શેવો. ૮૩ કરવા પ્રસન્ન ચહાય કૃષ્નને, અળગુ અભિમાન નાખ; શીઘ્ર દયા કેશવ તણિ, ઇચ્છે તો દીનતા રાખ; રાખ દીનતા એક જ કરિને, કરવા કૃપા મન થાશે હરિને; બોતેર લક્ષ કોટીએ ના સયુ કામ, દિનતા એક બંધાવા દામ. શેવો. ૮૪ શિળા બુદ્ધિ શાલીંગ્રામમાં, હરિ સ્વરૂપ તે ધાતુ પ્રમાણે. મનુષ લહે ગુરદેવને, ભકિતભાવ વૈશ્નવમાં આણે; આણે મહા પ્રસાદ અતિ અન, હરિ ચરણોદક પીછે જન. અન્ય વરણાશ્રમ લહે હરિ નામ, ઇત્યાદિકનાં નર્કમાં ઠામ, શેવો. ૮૫ નીગમ ચાર ખટ શાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ ચોદ વિદ્યાય; વ્યાકરણ નવ બત્રિસે લક્ષણ, ભણે ચોસઠે કળાય; કળા રાગ છત્રિસે ગાય, વીશદ કીર્તિ ચક્રવરતી રાય. પણ નથી ભકિત જો નંદકુમાર, તો સૌ ધુળ મળું ધિક્કાર. શેવો. ૮૬ એમ કરી સૌ વીદ્યા ભણિયો, મહા પંડિત કહાવ્યો જગત; પણ તેનો સાર સ

મજ્યો નહી, ન થયો ભગવતનો ભગ્ત; ભકતી વીના
શ્રમ એ ફળ સાર, જેમ રાસભ વહે ચંદન ભાર.
જેમ આહી મણિકુતી મેળવે અહાર, તેમ તે ઊદર
ભરે ધિક્કાર શોવો, ૮૭ સ્પર્શી મણિના પુર વિષે.
રચ્યું ચિંતામણિ મધ્ય ધામ, કલ્પ વૃક્ષની વાડ ગા
યે ઘેર, કામદુરગા જેનું નામ; કામ દુર્ગા અક્ષેપાત્ર,
અતુલ, નવ નીધ અષ્ટમા સિદ્ધ અનુકુળ. પણ નથી
વલ્લભ જો વૃજનાથ, તો એટલું મળે ઘસવા હાથ. શો
૮૮ કૃષ્ણ કીર્તન નહિ કર્ણેમાં, તે શ્રવણ રાફડા કહી
એ. નિરખ્યો ન જેણે નેત્ર ભરી, કેકીપીશ ચાંદલા
તે લહીએ, લહીએ દાદ જીભ્યા હરિ નવ બોલે, ક
રપદ સેવા રહિત સબ તોલે. વૃક્ષ જીવન સ્વાસ
ધમણ સમાના, ગ્રામ શુકર સમ છે ખાનપાન. સેવે
૮૯ ગજદર્પણ જોનારનું, સામુ દીસે જેવું તુજ પા
સે; દુષ્ટને દુષ્ટ સાધુને સાધુ, ભવ આ દ્રષ્ટીમાં ભા
સે, ભાસે તે સૌ નીજમાં છે જાણો, દોષ રહિત દુ
નિયાં પ્રમાણો; એવે વિવેકે જો રેહેવાય, રાગ દ્વેષ
નહિ કો થકી થાય. શોવો. ૯૦ જીવ સરવ હરી અં
શ છે તેના વિચીત્ર ભાતી સ્વભાવ. સર્વથી હળી
મળી ચાલીએ, એતો છે સંજોગ નદીનાવ; નાવ

તરંગ નહિ એમ જાણો, કોથી બગાડે એ દિવશનો
પ્રાહુણો. સૌને સદા એક સ્થળ નથી રેહેવું કદુ વ
ચન માટે કોઇને ન કેહેવું. શેવો. ૯૧ કાંઇ પ્રભુ પા
સે ના માગિયે, માગે પસ્તાવો થાય; ઉદાશી આવે
નાથને, વ્યાપાર સરીખું જણાય. દેખાય એવું મા
ટે રંખે જાચો, સેવો શ્રી કૃષ્ણ ધરિ સ્નેહ સાચો; વ
ણ માગે એ આપે સહુ સ્વામી, નથી અજાણ્યુ અં
તરજામી. શેવો. ૯૨ દાસીના સુતના સહુ પીતા,
રાણી સુતનો એક રાય, ભક્તિ અંશ શ્રિ કૃષ્ણ સે
વે; ને માઇક સરવને ધાય; ધાયે તો એક સાહાય ન
હોય, કામ પડે ત્યારે અંતે રોય. આવા ગમનમાં સ
દા અથડાય, કો કાળે હરિ વિના ગત્ય ના થાય.
શેવો. ૯૩ નાહાનો પદારથ મોટો દેખાડે, પકવે ને
દાળે કાચો; ઉગ્ર હોય તેને અણુ બનાવે, ને જુઠો
મનોરથ સાચો. સાચે ભાસે એજ માયાનું રૂપ, એ
ણે કીધા વશ રંક ને ભુપ; એને જીત્યાનો છે એક
ઉપાય, સાચું શરણું લ્યો શ્રી વ્રજરાય. શેવો. ૯૪
માયા છે ઘંટી ખીલ હરિ, તેમાં જીવ સચરાચર
અંન; જે પડયું તે પીશાય છે, તું જોની પ્રગટ લો
ચન; લોચન જો એક બચે છે તેહ, ખીલ સામી-

મ રહે છે જેહ. જે અણુ ત્યાંથી ખરશે કાણુ આથો, તે તતકાળ દગાવવા લાગ્યો. શેવો. ૯૫ પરીવારી સહુ કામથી, કોઈ મૃત્યુ ન પામે જન. આ કીધું આ કરવું આ બાકી છે, એમ કરતાં આવશે અંત. અંત આવ્યો હરી ક્યારે ગાઇશ, ચેત ચેત નહિતો પસ્તાઇશ; મરણ નહી આવે કાનમાં કહીને, થશે ઓચિંતુ અંધારૂં થઇને. શેવો. ૯૬ ઉત્તર વચન તે માનવું, પુરવનું નહિ પરમાણ; છેલ્લું રચ્યું શ્રી ભાગવત, સહુ પેહેલાં રચ્યાં છે પુરાણ; પુરાણ ગ્રંથ ક પ્રથક કર્યાં છે વ્યાસે, તોએ રેહેતું ઊર ભરિયું ઉ દાસે. મર્મ બતાવ્યો નારદ મીત્ર, સુખ શાસ્ત્ર રચો ભકતી ચરિત્ર. શેવો. ૯૭ પુષ્ટિપંથ પ્રભુ શ્રી વલ્લભ કુળ, જઇએ તેને શરણ; નામનિવેદન મર્યાદા ધરી, શેવીએ શ્રી ગીરિધરણ. શ્રી ગીરિધર ગુરૂ વઇશ્નવ પ્યારા, થરિગતી કરે માર્ગ અનુસારા; મનુષ જનમનો એ છે સાર, જે માને તે પામે પાર. શેવો. ૯૮ મહમદ મતી જીવ કળીના, સરવ શાસ્ત્ર કર્યા ખોળે, માટે સકળ સિદ્ધાંત સાર, શોધી કીધો છે ટોળે; ટોળે કરાવ્યો પ્રભુ મતી દીધિ, નીજ જન જાણિને કરૂણા કીધી. ભકિતપોષણ ધર્યુ ગ્રંથનું નામ, કથે સુણે

સારે સરવનું કામ. શેવો. ૯૯ એકસો ને એક ચંદ્રા વળા, એ ગ્રંથતણા છે સાર; પ્રતિપદ્દ શુભ સિદ્ધાંત ભાખ્યું છે, વાંચીને કરજો વિચાર; વિચારતાં વલ્લભ હરી થાશે, સરવ કલેશ સમુળા જાશે; આચરણ કર તાં આણંદની હેલી, ભકિત શ્રી કૃશ્નની કરજો વહે લી. શેવો. ૧૦૦ મહા નદ્દી નર્મદા, ત્રટ ચંદીપુરી ધામ; જ્ઞાતી નાગર સાહોદરો, ભાટ દયાશંકર નામ; નામ વલ્લભવઇશનવીદાસ, ગુરૂ પ્રતાપે ગ્રંથ કર્યો પ્રકાશ. શિખે સાંભળે જે જન ગાય, તેને મન વાંછીત ફળ થાય શેવો. ૧૦૧

જીવને ચેતવણીના બાર મહિના.

સીતાના મહિનાનો રાગ.

જીવ કારતક કરિલે વિચાર કે, કયાંથકિ આવિયો;
મહા મુક્ત મણિ મુનશા દેહ, કોયેરે પુન્યે પામીયો.
જીવ દેહ ધર્યાનું ફળ સાર કે, કાંઇ પુન્ય કીજીએ;
કથા કીરતન સમરણ થાય, ત્યારે કાન દિજીએ. ૧
જીવ માગશરે મન માંહી, મોહ તને બહુ થયો;
દેખી ધનદારા પરિવાર, હઇઆમાં તું હરખીયો.
તેની શોભા છે દીન ચાર, તેમાં શું વળગિયો;

માટે તરવાનો કરને ઉપાય, નીકર નિશ્ચે ગયો. ૨
જીવ પોષે પકડશે કાળ, તે દિને કોણ તાહરૂં;
એવું સમજીને ભજ ભગવાન, મુકીને હું માહરૂં;
રાખ છાપ તિલકને માળા, બાનું શીતારામનું;
તે દેખીને ડરશે દિનકરનંદ, અંતકાળે એ કામનું. ૩
જીવ મહામહિને મન મોહ્યુંરે, ભામનીઓના ભોગમાં
તેમાં ભુલીને રેહ્યા હું ભેળાઇ, વિષયના રોગમાં;
ન જીત્યા મન બુદ્ધિ ચિતઅહંકાર, ઈરશાનાઉનમાનમાં
તેની તૃષ્ણામાં ગયો હું તણાઈ, સમજ્યો નહી સાનમાં
જીવ ફાગણે રહ્યોરે ફુલાઇ, જડ માયાના જોરમાં;
તારા શીરપર ફરે છે સેતાન, લેશે પળ પોહોરમાં.
જ્યારે ધર્મરાજા માગશે જવાબ, આગળ ઉભા રાખશે;
ઉપર પડેરે મુદગરના માર, ઉંધે મુસ્તક ટાંગશે. ૫
જીવ ચૈતરે ચીત રાખ, સદગુરૂજીના ચરણમાં;
એવા ત્રિવિધી કેરા તાપ, ઓલાશે અંતઃકરણમાં.
સદા સદગુરૂ સુખના દાતાર, કરમ લેઇને કાપશે,
મુકી જનમ મરણની જંજાળ, અભયપદ આપશે.
જીવ વૈશાખે વય જાય, દિવશ તારા વાટમાં;
તેમાં જાણતા નથી જુગદીશ, માયાના ઘાટમાં.
પામર પરનારી સાથે પ્રીતી, નિતિ નહિ હરિ નામમાં;

આઠ પહોર ઘડી બત્રિશ, કલ્પના છે કામમાં. ૭
જીવ જેઠે જીવતરમાં રે ધિક્કાર, જપ્યા નહિ જદુનાથને;
કલ્પી કઠીણ વાવરૂં નહિ કાંઈ, કાપ્યા રે જોઇએ હાથને.
તારા શ્રવણ થયા રે સુનકાર, સુણિ નહિ પારાયણને.
મુસ્તક ધર્યો છે મોટ મનોભાર, નમ્યો નહિ નારાયણને.
અષાડે અનંત બ્રહ્માંડનો નાથ, વસે રે તારા ઉરમાં;
તેમાં જાણતા નથી જુગદીશ, વિષયના પુરમાં;
સદા સુખમાં સોહ્યું રે મતીમંદ, પ્રભુને નથી પેખતો.
તારાં ફુટી ગયાં છે ચક્ષુ ચાર, તેને નથી દેખતો. ૮
શીખ્યો શ્રાવણે બોદ વિવાય, સમજ્યા વિના શું ફળે;
સાકર કેહેતાં ન આવે સ્વાદ, પીછે તો પોતે પળે.
લાગ્યો ચતુરાતણો રે સંતાપ, દાઝયો ત્રિવિધિ તાપમાં;
તેને ટળે નહિ મનના વિકાર, મુઝાઇ રહ્યા આપમાં. ૧૦
જીવ ભાદરવે ભજન વિના રે, ભીતર સાચાં ભક્તિના;
બીજા કરે અનેક ઉપાય, નાવે મારગ મુકિતના.
સેવે સતગુરૂ રીઝે સીતારામ, જોખો રે મટે જીવનો;
ળે વિમુખપણું ને વિષાદ, સનમુખ હોય શીવનો. ૧૧
જીવ આશોએ રેહેવું રે ઉદાસ, વૈરાગ્યના નાવમાં;
મુકી ગુણ અવગુણ મદ માંહી, મગન રેહેવું મનમાં;
કરવું સતગુરૂ કેરૂં સમરણ, ધરવી મુતી ધ્યાનમાં;

સદગુરૂજી છે સરજનહાર, કેહેશે તને કાનમાં. ૧૨
પુરૂષોતમ પુરણ બ્રહ્મ, પોતે પરમાતમા;
સબળ સરખે સરખો સંસાર, વીલસીરયોછે આતમા.
ગાયે બારે માસ પુરારે, ફદે રાજારામના;
ભકત ભોજો કહે ભવોભવ, ચાકર સીતારામના. ૧૩

ઇતિ મહિના સંપુર્ણ

શ્રીમદભાગવતના અલંકારવિશેનો.

આંબો.

રાગ ધોળ.

સાહેલીરે આંબો મોરિયો; ટેક.
આંબો અખંડ મંડળ થકી ઉતર્યો, તેનો વ્રજભોવનમાં વાસ; સાહેલીરે આંબો મોરિયો. ૧ વાસુદેવે તે મહાબીજ રોપિયું, થયું દેવકી ખેત્ર પ્રકાશ. સાહેલીરે. ૨ આંબો જશોદાજીએ સિંચીઓ, તેના નંદ ગોપ રખવાળ. સા. ૩ આંબો ધ્રુવને પ્રહલાદેરે અનુભવ્યો, એની વેડનારી છે વૃજનારી. સા. ૪ મહા મુનિયે નિગમ બીજ રોપિયું, વેદવ્યાસતણા મુખમાંય. સા. ૫ તેના ચતુર શ્લોક ચાર પ-

ત્ર થયાં, દ્વાદશ સ્કંધ તે ડાળાં બાર. સાહેલી. ૬ ત્રણસે ને ત્રિસ અધ્યા તેનાં ઝુમખાં, ક્લોક પત્ર અઢાર હજાર. સાહેલીરે. ૭ તેની વેદપુરાણે શાખા થઇ, તેની છાયા થઈ સર્વત્ર. સાહેલીરે. ૮ શ્રીમદ્ ભાગવતરૂપિયું ફળ થયું, સૃતિસ્મૃતિ એ સઘળાં પત્ર. સાહેલીરે. ૯ શુકદેવ પંખી ફળ લેઇ ગયા, જૈ બેઠા ગંગા ત્રડ જ્યાંહાંય. સાહેલીરે. ૧૦ તેહે નો ચાખતાંમાં રસ પરસિયો, પડ્યો પરિક્ષતના મુખમાંય. સાહેલીરે. ૧૧ એ કલ્પતરૂ શ્રી કૃશ્નજી પુરણ પુરૂષોતમજી વિશ્વાધાર. સાહેલીરે. ૧૨ પાખંડ કપટ ખંડન કર્યાં, પ્રગટ્યા પુરૂષોતમ વિસ્કલ્પવૃક્ષ. સાહેલીરે. ૧૩ કળિયુગનું તે કારણ જાણિયું, કરવા પુષ્ટી મારગ પ્રત્યક્ષ. સાહેલીરે. ૧૪ ગણપતના તે ગંગાધરજી, ધન્ય તેલંગ કુળ અવતાર. સાહેલીરે આંબો મોરીયો. ૧૫

પદ ૧

સીતાપતી રામની સેવા, જાણે મન મીઠા મેવા;
કમાઈ શી કમાયો ગીરીધરલાલ ન ગાયો. ૨
બેઠાં બેઠાં ફેરવ્યું નાણું, ના જાણ્યું રાત કે વહાણું. ૩
માળા તને ન ગમે દીઠી, નીંદા તને લાગે મીઠી. ૪

ડહાપણે તો ડાટ વાળ્યો, ધરમનો મારગ ટાળ્યો. ૫
ચતુરાઇ ચુલે પડી, હરિ ભજવાની આ ઘડી. ૬
જોબનિયું અટકું લટકું, ઘડીએક ચારનું ચટકું ૭
જુવાનીના જોરમાં માતો, હીંડે છે રંગમાં રાતો. ૮
કાયા તારી કાચનો કુપો, હિંડે ત્યારે દેશનો સુબો ૯
પરપોટો ફુટી જાશે, શી ગતી તાહરી થશે. ૧૦
આવ્યો ત્યારે લાભ લેવા, જાશેત્યારે મુળગું ખોવા. ૧૧
આવ્યો ત્યારે બાંધી મુઠી, જમડા લેશે લુંટી. ૧૨
કહું છું કર્મ ફુટ્યા, કરી લે અધુરા પુરા. ૧૩
રાવણસમ લંકાંપતી, મંદોદરી રાણી સતી. ૧૪
પવન ઘેર ભરે પાણી. નવે ગ્રહ બાંધ્યા તાણિ. ૧૫
એવા નર ગયા ઉઠી, પછાડી ધુળની મુઠી. ૧૬
સગુ તારા સુખનુ બેલી, રેહેશે નાણાની થેલી. ૧૭
અળંકાર અળગા રેહેશે, કાષ્ટમાં ફુંકી દેશે. ૧૮
કંદોરો તો છોડી લેશે, પછાડી રડીને રેહેશે. ૧૯
દયારામ દાસ કેહે છે, ભજે તેનો તોલ રેહે છે. ૨૦

છપન ભોગ વિષે કંકોત્રી.

રાગ સીતાના કાગળનો. ઘોળ.

કંકુ છાંટીને લખીએ કંકોતરી, તેતો મોકલું દેશ

વિદેશ; વૈષ્ણવ વેહેલા આવજો. તેડી લાવજો પુત્ર પરિવારને, છપન ભોગ ન થાય હમેશ. વૈષ્ણવ વેહેલા આવજો. ૧ નરનારી કોડે પધારજો, મન મોહ ધરી ઉમંગ. વૈષ્ણવ. પ્રેમ અંસ હોય તેને લાવજો, તેને અહીં થશે સતસંગ. વૈષ્ણવ. ૨ અમદાવાદ ને સુરત મુબઇ પુના, મોટા નગરના લોક અપાર. વૈષ્ણવ. વિરક્ષેત્ર વડુ છે વડોદરૂં, જેની શોભાતણો નહી પાર. વૈ. ૩ ખેડા માતર ને ઊમરેઠના, ઘણા આવી વસ્યા વેહેપારી. વૈ. જોધપુર સુધી મારવાડનાં, ઘણાં આવિયાં છે નરનારી. વૈ. ૪ બીજો લ્હાવો જુઓ મારા સ્નેહીઓ, આવે સપ્ત ગાદીથી મહારાજ. વૈ. લખી ભુતળ માંહે કંકોતરી, તેડી લાવવા સકળ સમાજ. વૈ. ૫ રાજદ્વારમાં જે હોય નોકરી, તેને આવી પહોંચ્યો અનુકુળ. વૈ. ઘણા વર્ષથી અહીંઆં થયો નથી, છપન્ન ભોગ થવાનો અમુલ્ય. વૈ. ૬ સારા સારા સોબતિયાને આવવા, દર્શન કરવાને દોસ્તદાર. વૈ. છપનભોગ થતાં નડિયાદમાં, જાણે ખીલ્યો વસંત અપાર. વૈ. ૭ જાતે જાતને નાતે નાતના, દેશ દેશના આવશે લોક. વૈ. જેનાં ભાગ્ય હશે તે અહીં

આવશે, નીકર શા કહું કર્મના ભોગ. વૈ. ૮ જે-
ના ભાગ્યમાં નહિ હોય જાતરા, તેની બુદ્ધિને ધિ
કકાર. વૈ. ભાગ્યશાળી ભેટે ભગવાનને, ધરે વૈષ્ણ
વના શણગાર. વૈ. ૯ સ્તુતિ ગોવિંદની ઉર આ-
ણિને, ઝટપટ થાઓ તઇઆર. વૈ. ભલે ભેટો શ્રી
ગુળજીના નાથને, જેનું નામ શ્રી જુગદાધાર. વૈષ્ણ
વ વેહેલા આવજો. ૧૦

આરતી.

જય ગોકુળચંદા, પ્રભુ જય ગોકુળચંદા;
ટાળકતું ભવફંદા, સદાનંદ નંદા. જય ગોકુળ. ટેક
મોર મુગટ મુસ્તક મન મોહન, પીતાંબર ધારી (૨)
શંખ ચક્ર આયુધ શુભ, જશીયા જયકારી. જય. ૧
કમળાવર કરૂણામય મુરતી, અકળા કંસારી. (૨)
બ્રહ્મસ્વરૂપ બ્રહ્મચારી, સહાય સંસારી. જય. ૨
ગોકુળપતી ગોપીશ, ગોવરધન ધારી; (૨)
દુષ્ટ નીકંદન દેવા, પ્રભુપર ઉપકારી જય. ૩
કેશવ કૃપાનિધાન, મદમરદન કહાવો; (૨)
સત્ય સ્વરૂપ સુખકર હરિ, દો દરશન લ્હાવો જ. ૪

કરૂં ગોવિંદ ગુણ ગાન, માગું શુભ શેવા (૨)
ઇચ્છું ભક્તિ તમારી, વિમળ મુક્તિ મેવા. જયગોપ

જાહેર ખબર.

સર્વે સજ્જનોને જાહેર કરવામાં આવે છે કે અમારી દુકાનેથી હરેક જાતના કાયદા તથા પુસ્તકો ઘણીજ સસ્તી કીમતથી મળશે. જેઓને જોઇએ તેઓએ નીચેને ઠેકાણેથી મંગાવી લેવાં. ઉધાર આપવામાં આવશે નહી.

મગનલાલ વ્રજભુખણદાસ.
બુકસેલર
રીચીરોડ ઉપર.

જાહેર ખબર.

વઈશ્નવ ધરમની ચોપડીયો.

ચોરાશી વૈશ્નવની વાર્તા.	સીદ્ધાંત મુક્તાવળી.
વલ્લભાખ્યાન મુળપુરૂષ.	ધોળપદ.
ગોકુળનાથજીના ચોવીસ વચનામ્રત.	અષ્ટાક્ષર જાતરા.
	તુળશીકૃત રામાયણ.
રણછોડજીની અરજી.	ગીરધરકૃત રામાયણ.
ગુજરાતી વનજાતરા.	પરભાતિયાં.
ક્રીઆમણસંગ્રહ.	ભગવતગિતા ગુજરાતી પાનાં ૨૯૦ ટીકી આઠપેજી.
ભગવતગીતા મહાત્મ ચોપાઈમાં.	સુબોધમાળા.
જ્ઞાનસાગર રોયલ સોળપેજી કુ ૨મા પા	ભજનઉપદેશ.

ઉપરનાં પુસ્તકો શીવાય કાયદા વીગેરે બીજી ઘણી જાતનાં પુસ્તકો અમારે ત્યાંથી ઘણી સસ્તી કીમતથી મળશે. જેને જો ઈચ્છે તેમણે નીચેને શીરનામેથી મંગાવી લેવી.

અમદાવાદ રીચીરોડ ઉપર દુકાન

મગનલાલ વર્જભુખણદાસ